નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ચાલુ જ છે ઉજાણી, બેઠો છું, બેસવા દે.
પાણીનો સ્વાદ માણી બેઠો છું, બેસવા દે.
હું ધ્યાન, યોગ, આસનનાં પોટલાં ઉતારી,
મનઘોડલી પલાણી બેઠો છું, બેસવા દે.
ઇચ્છું તો હું કૂવામાં ઉતરી શકું છું કિન્તુ,
સાંધીને ડોલ કાણી, બેઠો છું, બેસવા દે.

- મધુસૂદન પટેલ 'મધુ'

પાથેય

- રમેશ ઠક્કર

મનઘોડલીનો હણહણાટ...

આપણી જિંદગી ભલે આપણે પોતાની માનતા હોઈએ પણ એની દોર બીજાના હાથમાં હોય છે..માણસ ઈચ્છે તો પણ પોતાની શરતો ઉપર જીવી શકતો નથી..સ્વનિર્ભરતા એ જવલ્લે જ જોવા મળતી ચીજ છે..અન્યના સહારે ચાલતી આપણી જીવન નાવનું હલેસું અન્યના હાથમાં હોય ત્યારે આપણે કહેવું પડે છે કે હજુ તો જીવવાની મજા કે ઉજાણી ચાલુ છે મને બેસવા દો..આવું કેમ ? એનો અર્થ એટલો જ કે તમે જયારે આનંદથી જીવતા હો તમારી એ સમાધી તોડવા વાળા અનેક હોય છે..એમને પ્રેમથી કે પછી આક્રોશથી ખમૈયા કરો એમ કહેવું પડે છે..લોકો ઉજાણી ચાલુ હોય ત્યાં જ પાણી પીવાનું કહેતા હોય છે ત્યારે ઠાવકાઈથી કહેવું પડે છે કે પાણીનો સ્વાદ માણીને બેઠો છું મને એવી કોઈ ઉતાવળ નથી.

એકધારી રીતે સલાહો જયાં મળતી રહે એ જ જીવનરાહ..જાતજાતના અનુભવો કહેનારા કે સુચનો આપનારા અનેક લોકો સામેથી મળી જાય છે..કોઈ કહે શાંતિ જોઈએ છે તો ધ્યાન કરો..પાઠ કરો..વિવિધ આસનો કરો..યોગ તો રામબાણ ઈલાજ છે એમ કહી જાતજાતના સફળ અનુભવો રજૂ કરશે..પરંતું કવિ પાસે તો એનો પોતાનો સચોટ ઉપાય છે.સજજતા પણ છે..આ બધી વ્યથા માટે જવાબદાર માણસનું મન છે એની ખબર છે..મનની ઘોડીને જો પલાણીએ એટલે કે સારી રીતે કંટ્રોલ કરીએ તો બેડો પાર થઈ જતો હોય છે..મનઘોડલીને પલાણીને સજજ બેઠેલા કવિને આવી કોઈ ફિકર નથી..એ ફકત પોતાને નિરાંતે બેસવા દેવા માટેની જ વિનંતિ કરે છે.

કૂવાનો ભેદ પામવા કૂવામાં ઉતરવું જરૂરી નથી..એમાંથી પાણી કઈ રીતે સિંચવું એમાં કળા છે..આપણે મોટાભાગે કીડી ઉપર કટક કરતા હોઈએ છીએ..નાની અમથી વાતનો કલશોર મચાવતા રહીએ છીએ..હકિકતમાં કૂવામાંથી જો સરળતાથી પાણી બહાર લાવવું હોય તો આપણી જે ડોલ છે એ કાણી હોય તો એને સાંધવી પડે છે..જીવનનો મર્મ અદ્ભુત રીતે આ વાતમાં સમાયો છે..આપણી પાસે જે સરંજામ હોય એ બરાબર છે કે કેમ?એની પળોજણમાં આપણે પડતા નથી..આપણે બીજાનો કારોબાર ઠીક થાય એની રાહ જોતા રહીએ છીએ..વાસ્તવમાં જો આપણી ઉણપો કે આપણી મર્યાદાઓને ડોલમાં પડેલાં કાણાંઓની જેમ સાંધતાં રહેવું જોઈએ..જે માણસ આ રીતે સક્ષ હોય એ જગત તરફથી ફકત એટલું આશ્વાસન માગે છે કે બસ અમને શાંતિથી બેસવા દો..દુનિયાનો દસ્તૂર કેવો છે કે માણસ પોતાની રીતે મકકમ હોય કે સાબૂત હોય તો પણ લોકો તરફથી કોઈ અડચણ ના થાય એ શરત મહત્વની છે..માણસની મનઘોડલી હણહણતી હોય ત્યારે જગત તરફથી લાદવામાં આવતાં બિનજરૂરી પોટલાં કે બિસ્તરા જો ઉતારો લેવામાં આવે તો પૂરપાટ ઝડપે દોડવાની ઘટના આપોઆપ આકાર લેતી હોય છે.

રાજયમાં મેઘ મહેર-કેર

તંત્રીસ્થાનેથી...

મેઘરાજાએ કયાંક મહેર કરી છે તો કયાંક વળી કાળો કેર પણ વરતાવ્યો છે. નહોતો વરસ્યો ત્યાં સુધી સૌરાષ્ટ્ર જળ બંબાકાર હતું પણ અમદાવાદ કોરુ ધાકોર હતું. વરસ્યો ત્યારે બકેરીની સ્કીમના બેઝમેન્ટમાં પાર્ક કરેલી ગાડીઓ ડુબાડી દીધી. રાજધાની ગાંધીનગરમાં એ રાજા મહારાજાની ગૌરવવંતી ચાલે પધાર્યા છે અને વાતાવરણને ખુશનુમા કરી દીધું છે. પણ વલસાડના લોકપ્રિય ડૉકટર સતીશ નાયકના દવાખાનામાં દરિયો ઠલવાઈ ગયો છે. એવી વિકટ પરિસ્થિતિમાં પણ દાકતર દરદીઓ પ્રત્યેની ફરજ ન ચૂકે, એમને 'દરદીનારાયણ' તરીકે આવકારે ત્યારે બેફામ લૂંટ ચલાવતી પંચતારક હોસ્પિટલો અને ફાર્મા કંપનીઓ પાસેથી તગડાં કમિશન કમાતી નવી તબીબી જમાતની તુલનામાં આવા ફેમિલી ફિશિયનોને લોકો હાલતા ચાલતા દેવ ન માને તો જ નવાઈ. વરસાદ આમ તો કુદરતનો 'પરસાદ છે', પરંતુ જયારે કુદરતનો કોપ જાગે છે ત્યારે એ પ્રલયકારી રૂપ ધારણ કરે છે. આવો કોપ સહન કરવા ઉત્તરાખંડ જેવા હિમાલયની ગોદમાં વસેલા પ્રદેશો અને આસામ જેવા બ્રહ્મપુત્ર મહાનદને કાંઠે વસેલા રાજયો, ગંગાજમાનાનાં ફળદ્રુપ મેદાનોમાં વસતા પૂર્વાંચલ અને બિહારથી લઈ વરસાદ અને વાવાઝોડાનો બમણો માર ખમતા દરિયા કિનારાના વિસ્તારો ટેવાઈ ગયેલા છે. એથી દર વર્ષે કયાંક ને કયાંક વરસાદ જંગલી જાનવરની જેમ ત્રાટકીને થોડી જ વારમાં બધું હતું - ન હતું કરતો રહે છે. છતાં વરસાદ વગર થોડું જ ચાલવાનું છે? વળી વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે તો પણ વરસાદને વરસવું જ હોય અને વાવાઝોડાને ત્રાટકવું જ હોય તો એને થોડાં અટકાવી શકાય છે ? ડિઝાસ્ટર મેનેજમેન્ટ જરૂર થઈ શકે; વિસ્થાપિતોનું પુનર્વસન થઈ શકે અને જેની જાનહાનિ કે માલજાનિ થઈ હોય એને સંતોષકારક વળતર ચૂકવી શકાય. સરકાર સોનાની હોય તોય એથી વધારે શું કરી શકવાની ? આવા વરસાદી માહોલમાં પણ રોજી રળવા માણસને બહાર તો નીકળવું જ પડેછે. જૈન મુનિઓ કેવા શાણા કે વરસાદ શરૂ થાય એ પહેલાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ યોજી કોઈ સુવિધાયુક્ત ઉપાશ્રયમાં સ્થિત થઈ જાય છે. મૂળે આવું શાણપણ આપણા આરાધ્ય દેવ અને સૃષ્ટિના પાલનહાર વિષ્ણુ ભગવાનને સૂઝેલું. વામન અવતાર લઈને એમણે બલિરાજા પાસે ત્રણ ડગલાં મુકાય એટલી જમીન માગી અને એમાં તો ત્રિલોક - સ્વામી બની રહ્યા. જોકે ચતુરાઈપૂર્વક ચોમાસું ગાળવા બલિરાજાને કંપની આપવાના બહાને પોતે પણ પોઢી ગયા ! ચોમાસું સાચવી લેવા જેવી ઋતુ છે. પળ કાળા માથાનો માનવીએ ઋતુઓનું માન સાચવવા જેટલો વિવેક દાખવ્યો હોત તો ગ્લોબલ વોર્મિંગ વાળી બહુચર્ચિત સમસ્યા સરજાત ખરી ? માનવીને અવનવાં નવાં ગતકડાં સૂઝે છે. એ કુદરતથી વધારે ડાહ્યો હોવાની પ્રતીતિ કરાવવા કુદરતની સામે જ બાંયો ચડાવે છે. નદીઓને એમના પરંપરાગત વહેણમાંથી પાછી વાળીને કાં તો વહેણ સમૂળગાં અટકાવીને એ તરસ અને સિંચાઈના બહાને મોટા મોટા બાંધો બાંધે છે. જે બંધાય છે એ કયારેક તો છૂટવાનું કે તૂટવાનું જ છે. મહાકાય ડેમો કદાય આપણી હયાતી દરમિયાન નહીં તૂટે પણ પછીની પેઢીઓ માટે તો એ ખતરો બનવાનો જ છે. થોડાં વર્ષો અગાઉ કેદારનાથની નજર સામે કુદરતી નરસંહાર થયો હતો અને હમણાં અમરનાથના યાત્રાળુઓ ઝપેટમાં આવ્યા છે. અમરનાથનું કુદરતી શિવલિંગ એ ભૌતિક વિજ્ઞાન દ્વારા સમજાવી શકાય એટલી સીધી સાધી ઘટના છે. એમાં શ્રદ્ધાનું આરોપણ કરીને લાખો માણસો યાત્રાએ જવા લાગ્યા. બર્ફાની બાબા તો સમાધિમાં જ બેઠા રહ્યા અને ગુફા બહાર ભેગી થયેલી મેદની પર વાદળ ફાટ્યું. સાથે જ માનવીએ કુદરતની શાંતિમાં ખલેલ પાડતાં બરફની હિમશિલાઓ પીગળીને ભયંકર ધોધ રુપે શ્રદ્ધાળુઓના શિબિર પર જ ત્રાટકી. શું આમ મરવા માટે યાત્રાઓ યોજાવી જોઈએ ? શિવ તત્ત્વની ઉપાસના તો હૃદયમંદિરમાં કે ભ્રૂકુટિ વચ્ચે નજર સ્થિર કરીને પણ કરી શકાય. પણ માણસને તો ઘેટાંનાં ટોળાની જેમ આવાં શ્રદ્ધાસ્થાનકો તરફ ધસી જવું ગમતું રહ્યું છે. આપણાં કુંભમેળા કે મુસલમાનોની હજયાત્રામાં અત્યાર સુધી ઘણી જાનહાનિ થઈ ચૂકી છે. જો કે મરનાર એમ જ માને છે કે એનો તો પરમ મોક્ષ થઈ ગયો !

ગુજરાતી ફિલ્મો વિશે થોડું ચિંતન

મન-રંજન

દ્વનિલ પારેખ

ગુજરાતી ફિલ્મોની અત્યારે બોલબાલા હોય એવું લાગે છે. કોરોના કાળ પછી ઘણી એવી ગુજરાતી ફિલ્મો આવી જે ધ્યાન ખેંચે એવી છે. આ ફિલ્મો માત્ર કથાવસ્તુને કારણે જ અલગ તરી આવે છે એવું નથી પણ એની માવજત અને ટેકનિક પાસાઓને કારણે પણ આકર્ષે છે. '૨૧મું ટિફિન' ફિલ્મ એની સંવેદનશીલ કથાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે પોંખાઈ અને ઘણાં બધાં પારિતોષિકો હાંસલ કર્યા. 'હેલ્લારો' થી આમ તો આખો સિનારિયો બદલાયો પણ 'ચાલ જીવી લઈએ', 'નાયિકા દેવી', 'નાડી દોષ' 'રાડો', વગેરે ફિલ્મોએ પણ ગુજરાતી ફિલ્મોનું વાતાવરણ બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

'નાયિકા દેવી' જે રીતે ઐતિહાસિક વાતાવરણ લઈને આવે છે અને એમાં ફોટોગ્રાફી, સેટ ડિઝાઈન જે રીતે જોવા મળે છે એ બદલાતી ગુજરાતી ફિલ્મની ગવાહી પૂરી પીડે છે. સાથે સાથે સામાજિક સમસ્યાઓને ગૂંથી લઈને એની સંવદેનશીલ રજૂઆત પણ ગુજરાતી ફિલ્મનું હવે જમા પાસું બનતું જાય છે. હમણાં જ રજૂ થયેલી ફિલ્મ 'સૈયર મોરી રે'ના પણએ જ રીતે વખાણ થઈ રહ્યા છે, કે આ ફિલ્મની એક એક ફ્રેમ કાવ્યાત્મક રીતે કચકડાના પડદે રજૂ થઈ છે.

ગુજરાતી ફિલ્મો એક સમયે સૌરાષ્ટ્રની કથા, પહેરવેશ, વાતાવરણ અને ભાષા પૂરતી સીમિત હતી એમાંથી હવે એ બહાર આવી છે. એક તબક્કે ઉપેન્દ્ર ત્રિવેદી અને સ્નેહલતાનું રાજ હતું. પછી નરેશ કનોડિયાનો જમાનો આવ્યો તો વિલનમાં ફિરોજ ઈરાનીનો દબદબો હતો. બિલકુલ બીબાઢાળ આ ફિલ્મોમાં કલાના નામે ભાગ્યે જ કશું હાથમાં આવતું હતું. એમાં રમેશ મહેતાની અશ્લીલ કોમેડી ઘર કરી ગઈ હતી. હવે, એ પ્રકારની ફિલ્મોના વળતા પાણી થયાં છે અને થિયેટરમાં જઈને જોવી ગમે એવી 'હેલ્લારો', 'રોંગ સાઈડ રાજુ', 'બેટર હાફ', 'મમ્મી તું આવી કેવી', 'ચાલ જીવી લઈએ', 'કરસનદાસ પે એન્ડ યુઝ', '૨૧મું ટીફીન', 'સૈયર મોરી રે...' ફિલ્મો આવી કે જેણે ટિકિટબારી ઉપર પર સારો એવો વકરો કર્યો ને ગુજરાતી ફિલ્મોને જીવનદાન બક્ષ્યું. અભિષેક શાહ, અભિષેક જૈન, વિજયગીરી બાવા જેવા નવા યુવા દિગ્દર્શકોએ ગુજરાતી ફિલ્મોની સિકલ બદલવાનું બીડું ઝડપ્યું અને એમાં એમને સફળતા પણ મળી. આ નવા દિગ્દર્શકોની સિમેમા વિશેની સ્પષ્ટ સમજ અને માધ્યમ સાથે કામ પાર પાડવાની આવડતને કારણે ગુજરાતી ફિલ્મોંએ કરવટ બદલી. આ બદલેલી કરવટ લાંબો સમય ટકી રહે એવી અપેક્ષા રહે છે.

દિન મહિમા



● ગુરુપૂર્ણિમા

આજનું

ઔષધ

● ચણા જેવડા આદુના પાંચ-છ ટૂકડા એક ગ્લાસ પાણીમાં નાખી. ઉકાળવા. અડધો કપ પાણી બાકી રહે ત્યારે ઉતારી, ગાળીને એટલું જ દૂધ અને એક ચમચી સાકર નાખી સામાન્ય ચાની જેમ ધીમે ધીમે સવાર-સાંજ પીવાથી કફ, શરદી, ઉધરસ, માથાનો દુઃખાવો તેમ જ કમર ની પીડા મટે છે.

ખડખડાટ

● ડોકટર : કયાં દુખે છે...??
મગન : ફી ઓછી કરો તો કવ નકર જાતે શોધી લ્યો....!!

આજનું

વોટ્સએપ

● જિંદગી ને સરળ અને સફળ બનાવવી હોય તો Nagative માણસોને Ignore કરવાનું ચાલું કરી દો.

ને પરસ્પર સમજણ પીગળે નહીં એમપણ બને
ફંગોળાઈ રહ્યાં છે સંબધો સાવ નજીવી વાત પર
કપાય એક ડાળ ને આખે આખું વૃક્ષ ઉખડી પડે એમપણ બને

એમ પણ બને

પારૂલ અમિત

આજે આપણે પ્રેમના સ્વાદને, એ સંવેદનાને તીવ્ર ઈચ્છા વૃત્તિ હોવા છતાં વ્યક્ત કરવામાં સહજ પણે કામની વ્યસ્તતામાં પ્રેમને ભોગવી કે ઉલ્લેખી શકતાં નથી, સમય ફાળવી શકતાં નથી.

અને એ પણ સાચું કે આજની પેઢી મુક્ત પણે પ્રેમનો સ્વીકાર કરતી અને અસ્વીકાર કરતી થઈ ગઈ છે. અત્યારના કપલ કારકિર્દીમાં રચ્યાં પચ્યાં રહે છે. પરંતુ પ્રેમમાં પણ એટલા જ અલ્લડ રહ્યાં છે કેટલાયે. પરંતુ સબંધો સાચવી કે ટકાવી રાખવામાં થાપ ખાઈ રહ્યાં છે. ટીવી સિરિયલમાં આવતાં રોમેન્ટિક સીન અને રોમેન્ટિક લોકેશન જોઇ પોતે પણ કલ્પના કરતાં થઈ ગયા છે , અને એ પણ ક્યાંક ને ક્યાંક આવું રોમાંચ શોધતા હોય છે. પરંતુ આ માત્ર ટીવી સિરિયલમાં જ હોય છે.

પ્રેમનો કોઈ જ આકાર નથી હોતો. એમ જિંદગી નો પણ.. અને વિચારોનો પણ કોઈ આકાર હોતો નથી.. મગજ અને દિલ બન્ને ના આકાર હોય છે. તો જેનો આકાર જ નથી હોતો માત્ર મહેસુસ કરવાની વસ્તુ હોય તે જ પ્રેમ. આપણે જયારે પ્રિય પાત્ર પાસે હોઈએ ત્યારે સમયનું ભાન નથી રહેતુ અને નાગમતા પાત્ર પાસે એક સેકંડ પણ કાઢવી મુશ્કેલ હોય છે.

અને આપણે એનાથી દુર કે બ્રેકઅપ કરવા પણ તૈયાર થઈ જતા હોઈએ છીએ. તો ના ગમતા વિચારોને કેમ વારંવાર વાગોળ્યા કરતાં હોઈએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એટલે સાત જનમનો સંબંધ, એક પવિત્ર સંસ્કાર. પણ જીવનસાથી દરેકને પ્રેમી અથવા પ્રેમી જ જીવનસાથી મળે એવું બધા કિસ્સામાં હોતું નથી. લગ્નન જીવનમાં એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી અને અડીખમ સહકાર માંગી લે છે, માત્ર શારીરિક નહીં માનસિક રીતે વફાદાર રહેવું પડે છે. લગ્ન જીવનમાં ઘણી ખામીઓ હોય છે. કારણ માનવ સ્વભાવ જે ભિન્ન હોય છે.જ્યાં પરસ્પર પ્રેમ હોય ત્યાં ખામી જોવાતી નથી. લગ્ન સંસ્થા કુદરતી નથી, માનવર્સિજત છે,.

કદાચ એટલે જ એમાં અનેક ખામીઓ હશે.

શું એક જ વ્યક્તિ સાથે આખી જિંદગી વફદારીથી બધા રહી શકે છે? કદાચ ના... કદાચ આ એક મોટો પડકાર છે ખાસ કરીને આજની જનરેશન માટે. ઓછા સમયમાં આકર્ષિત થતા, સ્ટેટ્સ અને સિરિયલમાં આવે એવા પ્રેમના સપના જોતા અને લગ્ન ગ્રંથિથી જોડાતા છેવટે ડિવોર્સ, એક્સ્ટ્રા મેરીટલ અફેર, લીવ ઇન રીલેશનશિપ અને કોન્ટ્રાક્ટ મેરેજ જેવા સંબંધોનાં નવા રૂપ અસ્તિત્વ પામ્યા હશે.

છુપાઈ ને રખાતા સંબધો ક્યારેય માનસિક શાંતિ નથી આપતાં.

બે ઘડી મજા જરૂર કરાવે પણ સાચો સંબધ એ જીવનસાથી સાથેનો હોય છે. શું રોજેરોજ આપણે એક વ્યક્તિના પ્રેમમાં ના પડી શકીએ.

આપણે સરખે ભાગે જવાબદારી વહેંચી લઈએ જેમાં લગ્ન સંસ્થા જેવું ડોમિનેશન ના હોય. તો લગ્ન કરવા ખાતર કરવા કોઈક ગણાતા સમાજ માટે કે કોઇ શું કહેશે ખામી હશે? કોઈક અફેર હશે? કોઈ સજાતીય આકર્ષણ હશે વગેરે. એના કરતા જીવનમાં એવી વ્યક્તિ આવે જે પ્રેમાળ હોય, કહ્યા વગર સમજે એવી હોય, માત્ર શારીરિક નહીં માનસિક પ્રેમથી પણ સંતુષ્ટ કરે તો જ લગ્ન કરવા. બીજું શું આપણે આવી અપેક્ષા રાખનાર પોતે પણ બીજાની અપેક્ષામાં ખરા ઉતરીએ એવા હોય તો જ લગ્ન કરવા.

પ્રેમ વગર કહેવાતા લગ્ન બંધનમાં બંધાઈ જવું એના કરતા સાચા પ્રેમને પામી જીવન જીવવું સારુ. રીલેશનશિપમાં લગ્ન કરીને અને લગ્ન વિના પણ સ્ત્રી-પુરુષ સાથે રહી શકે જ છે હવે પોતપોતાની મરજી મુજબ જીવે જ છે. હા, કેટલીક જવાબદારીઓ, મર્યાદાઓ અને શરતો અહીં પણ છે, છતાં સંબંધોમાં પ્રયોગો અને સ્વતંત્રતાના આકાશનો એક ટુકડો સ્ત્રી- પુરુષ બંનેને મળે છે. ટૂંકમાં પ્રેમ એ કરવાની વસ્તુ છે,પણ બંધાઈ ને નહીં.

પ્રેમ કરનારા એકબીજાનો પ્રેમ નિભવવા, પોતાનું ગમતું ના ગમતું તેમજ અમુક આદતોને છોડી દઈશ અથવા તું છોડી દે એવું વચન માંગે છે કે વચન આપે છે.

પણ પ્રેમ જ્યાં પ્રેમ હોય ત્યાં બધું સ્વીકાર્ય હોય. માટે બધું કરી શકીશ તારા માટે જો તું સાથે હોઈશ તો એવું વચન આપે છે.

ખરેખર તો પ્રેમ એટલે નિસ્વાર્થ ભાવે કરવાની વૃત્તિ.

દરેક રીલેશનશિપમાં સ્પષ્ટતા પ્રથમ જરૂરી છે.

મને ગમે એ જ કરવાનું.. એમને તો લાંબા વાળ ગમે, જો વાળ કપાવું તો ઝઘડો થાય. શા માટે? આખો દીવસ અંબોડાં નો ભાર એને લાગે છે, તમને નહીં.

શા માટે આપણે લગ્ન જીવનને એકબીજાને પસંદ આવે એવી પ્રવુતિ કરીએ તો જ ટકે બાકી સમજૂતી ક્ષણ વારમાં તુટી પડે છે.

જોઈન્ટ ફેમિલીમાં હોય તો મ્હેણા- ટોણા સાઈડમાં રાખીને સંબંધોને માન આપવું જોઈએ.

લગ્નજીવન એટલે ફ્રીડમનો અભાવ જેમાં સમજૂતી ના હોવાથી ગુંચવણો જન્મે છે. અને સબંધો તુટી જાય છે.

લગ્ન વિશેના ખ્યાલો આપણને નાનપણથી આપવામાં આવે છે. ખરાબ જ હોય સાસુ, નણંદ અથવા આવનારી વહુ.

શું લગ્ન એટલે સમાજની એવી સંસ્થા જ્યાં બે જણ સાથે આખો પરિવાર માત્ર સહન જ કર્યા કરે.

શું કામ બંધાઈ ગયેલો સબંધ અચાનક ગંધાવા લાગે,

૩૦ વર્ષથી જુદા ઉછેરમાં આવેલી છોકરી અને સાથે જુદા ઉછેર માં ઉછેરેલો છોકરો વાંક અને એડજસ્ટ કર્યા કરે.

શરીર સાથે માનસિકતા ને ના અપનાવી શકતા આખરે છૂટાછેડામાં પરિણામે છે.

જયારે લગ્ન સાથે પ્રેમ નહીં માલિકીભાવ પ્રવેશે ત્યારે પરિણામ આવું જ આવે છે.

એક સમયે એકબીજાંને ખૂબ ચાહતાં, બધું કરી છૂટવા તત્પર એ બે વ્યક્તિઓ લગ્?ન પછી એકબીજાંની સાથે રહી શકે એમ પણ નથી હોતાંપ

અને જો સમજણનો આભવ હોય તો ના જ રહેવું જોઈએ.

જિંદગી નો અંતિમ અધ્યાય લગ્ન નથી જ.

અને જો ખરેખર છૂટા પડવાનો સમય આવે તો ડિપ્રેશન થી દુર રહેવું. એમ સમજવું કે રોજે રોજ બટકી જવું એના કરતા અટકી જવું સારુ. એણે મને છોડી એમ વિચાર્યા કરતા એણે એની માતાને અને પરિવારને સંભાળ્યો એમાં ખુશ થવું. રોમેન્ટિક કલ્પનાઓ માત્ર લગ્નના કારણે જ મળે એવું નથી. આસપાસ ઘણું છે જીવવા જેવું. છોકરી તૂટી પડી આમ થયું, એવા ઘરના લોકો લવારા કરતા હશે, એને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા કરતા એને રોજ સિમપથી આપી વધુ ઘાવ આપતાં હશે. શું લગ્ન ભંગાણ એ જીવનનું આખરી સ્ટેશન છે. ના.... રોમાન્સની અને 'આદર્શ લગ્ન'ની બધી જ કલ્પનાઓ, બધા જ વચનો અને પ્રતિજ્ઞાઓ ધીરે ધીરે ઓગળતી-પીગળતી એટલે હોય છે, કારણ આપણે માત્ર ટીકા ટિપ્પણી ને આવેગ આપી એટલી હદે ઉછળતા હોઈએ છીએ કે સંબંધ આખો ઉછળી જાય. મને ગમે એ એને ગમવું જ જોઈએ. શું કામ?

એક વ્યક્તિ બીજાથી હમેશા તદ્દન અલગ હોય. જેવા હોઈએ એવા સ્વીકારે એજ પ્રેમ. એકબીજા પર, પરિવાર પર આક્ષેપ કરવાની શરૂઆત એટલે લગ્નજીવન ભાંગી પડવાની ફાઈનલ મેચ.

એકબીજાને જવાબદાર ઠેરવતા પતિ-પત્ની ધીમે ધીમે એકબીજાથી વિરુદ્ધ દિશામાં પ્રવાસ કરવા લાગે છે. છૂટાછેડા માટે જવાબદાર પતિ પત્નિ હોતા જ નથી. એ મને નથી સમજતા,શું કામ એવા અઘરા બનીએ કે કોઈ આપણ ને ના સમજી શકે. અને હવે જ્યાં સમાપ્ત જ થઈ ગયું છે બધું જયારે ત્યારે ભુલી જવું એજ ઉપાય. લગ્નેતર સંબંધને પરાણે ટકાવી રાખવા, સમાધાનો કરવાં, જૂઠું બોલવું, જાતને અને બીજાને છેતરવાપ

એના કરતા છૂટા પડી ખુદ ને ચાહવું. અથવા એ જેવાં છે તેવાં એમને ચાહવું.

ખાલી મારું લોહી ચડાવી દે એક બોટલ તોય સાપનું ઝેર ઉતરી જાશે...

જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગરમાં વર્ષો સુધી એકલા હાથે સર્પ-બચાવનું કામ કર્યા બાદ વિચાર કર્યો કે રેસ્ક્યુઅર્સની એક બીજી હરોળ એટલે કે સેકન્ડ લાઈન તો તૈયાર થવી જોઈએ. આ માટે તૈયાર થયેલા યુવાનોનું ''સ્નેક લવર્સ ક્લબ'' નામનું પ્રવર્તમાન જૂથ આજે સક્રિય રીતે સર્પ-બચાવ કરી રહ્યા છે. વર્ષો પુર્વે મને સર્પદંશ થયો અને હું પાંચેક દિવસ હોસ્પિટલાઈઝ થયેલો. આ આખું ગ્રૂપ રાત-દિવસ જોયા વગર એક ફેમીલીની જેમ સતત મારી સાથે જ હોસ્પિટલમાં જ રહ્યું. ત્યારથી કોઈને પણ ઝેરી સર્પનો દંશ થાય તો આખા ગ્રૂપે સતત હોસ્પિટલ હાજર રહીને દુર્ઘટનાને ઉત્સવ બનાવી દેતાં. એક દિવસ અમારા ગ્રૂપના સૌથી ચપળ અને હોશિયાર એવા કૌશલને સર્પદંશ થયો. મોડી રાત્રે બધા કહે ''ધમભા, તમે ઉપડો ઘરે, અમે છીએ ને.''

બીજા દિવસે સવારે હું પહોંચ્યો ત્યારે કૌશલના બેડ સામે ગાંધીનગરના એક સૌથી જૂના સર્પવિદ ઉભેલાં. તેની આસપાસ મારા ગ્રૂપના જુવાનિયા એની વાતો મજેથી સાંભળતા હતા. તેઓ કૌશલની ખબર પૂછવા આવેલા. હું તેમને ગંધ ન આવે તેમ પાછળ ઊભો રહીને સાંભળવા લાગ્યો. તેઓએ દંશ, ક્યાં થયો, પછી શું કર્યું વિગેરે વિગેરે જાણ્યું પછી પૂછ્યું ''કેટલી વાયલ (એન્ટી સ્નેક વિનીનની) આપી?'' જવાબ સાંભળીને તેઓ બોલ્યા ''આ ડોક્ટરોય સાલા મુર્ખ છે, એ.એસ.વી. દેવાની જરૂર જ ક્યાં હતી? મને કેટલા બાઈટ થયા છે? મારા શરીરમાં ઢગલો એન્ટી બોડી બનેલા જ છે. ખાલી મારા લોહીની એક બોટલ ચડાવી દે એટલે બીજે દિવસે ઓલરાઈટ. કોઈ દવા-ફવાની જરૂર જ ક્યાં હતી ?'' આ સાંભળીને હું હસવું રોકી ન શક્યો અને મને જોઈને સાપની જેમ સરકી ગયા!

હવે એન્ટી સ્નેક વિનીન એટલે કે ઝેર વિરોધી રસી છે શું? શું આમ કોઈને સર્પદંશ થયો હોય અને તેનું લોહી ચડાવી દેવાય તો ખરેખર બીજો વ્યક્તિ બચી જઈ શકે ? તો એ માટે સર્પના ઝેર અંગે સમજણ કેળવવી પડે. ભારતીય સર્પોમાં ઝેરમાં બે પ્રકાર છે. ન્યુરોટોક્સિક ઝેર અને હીમોટોક્સિક ઝેર. નાગ અને કાળોતરાના ઝેર ન્યુરોટોક્સિક હોય, ખડચીતળા અને ફુરસા નામના વાઈપરનું ઝેર હીમોટોક્સિક હોય. ન્યુરોટોક્સિક ઝેરથી માણસની નર્વસ સીસ્ટમ ક્ષત-વિક્ષત થઈ જાય અને શરીરના અંગો પરથી દિમાગનું નિયંત્રણ જતું રહે છે. જ્યારે હીમોટોક્સિક ઝેર માણસના રુધિરાભિસરણ તંત્ર પર હુમલો કરીને શરીરના સ્નાયુઓ તથા માંસપેશીઓને ગંભીર ઈજા પહોંચાડે છે.

અનેક સંશોધનો બાદ પ્રથમ સર્પના દંશની 'મોનોવેલન્ટ' રસી શોધાઈ. મોનોવેલન્ટ એટલે એવી દવા જે સર્પની દરેક અલગ જાતિ માટે અલગ અલગ દવાની રસીઓ હતી. સમય જતાં વૈજ્ઞાનિક નવા સંશોધનોના આધારે પોલીવેલન્ટ એટલે કે કોઈ પણ ઝેરી સર્પ કરડ્યો હોય તો તેના ઉપચાર માટે એક જ પ્રકારની દવા શોધાઈ. ત્યારથી સર્પદંશના લીધે થતાં મૃત્યુની સંખ્યામાં મોટો ઘટાડો થયેલો. આ પોલીવેલન્ટ રસી બને છે કેવી રીતે ? કારણ કે સર્પદંશની દવા બાબતે આપણા સૌમાં ગેરમાન્યતા અથવા સમજણનો અભાવ જ છે. એક કહેવતના કારણે આ ગેરસમજ ઉભી થઈ છે. ''ઝેરનું મારણ ઝેર'', જ્યારે પણ સર્પદંશના ઉપચારની વાત આવે છે ત્યારે આપણને સાંભળવા મળશે કે ''સાપના ઝેરની દવા સાપનું ઝેર જ હોય છે.'' અંશતઃ આ વાત સાચી પણ છે, રસીની બનાવટના ભાગથી આપણે અજાણ છીએ. ઝેર વિરોધી રસી બનાવવાની પ્રક્રિયા આમ જટીલ પણ છે અને એક રીતે સાવ સરળ છે.

શરીરમાં કોઈ પણ બાહ્ય પદાર્થ આવી ચડે ત્યારે શરીરની ઈમ્યુન સીસ્ટમ તેની સામે જંગે ચડવા તૈયાર થઈ જાય છે. સર્પ દંશે અને ઝેર શરીરમાં પ્રસરવા લાગે ત્યારે તેની સામે યુદ્ધે ચડવા એન્ટી-બોડીઝ તૈયાર થવા માંડે છે. પરંતુ ઝેરની તિવ્રતા અને શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઝેરની મારકતાને પહોંચી ન વળે તો મૃત્યુ થાય. તબીબી સારવારમાં આપવામાં આવતી રસી સર્પના ઝેરમાંથી જ બનેલા એન્ટી-બોડીઝમાંથી બનેલી હોય છે. એન્ટી-બોડીઝ બને કેવી રીતે એ પણ સમજવું રહ્યું ને ?

ભારતમાં સને ૨૦૦૭ માં થયેલી નોંધણી મુજબ કુલ છ એન્ટી વિનમ તૈયાર કરતી કંપનીઓ છે. આ કંપનીઓ પોતાના ઉત્પાદન કેન્દ્રોમાં ચારેય પ્રકારના સર્પોને રાખી તેનું ઝેર કાઢે છે. લેબોરેટરીમાં રખવામાં આવતા ઘોડા અને મરઘાઓના શરીરમાં ચારેય સર્પોના ઝેરને સાવ થોડી માત્રાથી ઈન્જેક્ટ કરવામાં આવે છે. આ પ્રાણીઓના શરીરમાં સર્પના ઝેર સામે લડી લે એટલી માત્રામાં એન્ટી-બોડીઝ બનવા લાગે છે. ઝેરની માત્રા દિવસે દિવસે વધારાતી જાય છે જેથી ઘોડા અથવા મરઘાના શરીરમાં પણ એન્ટી-બોડીઝ વધતા જાય છે. અને આમ એક સમયે આ પ્રાણીઓને ઝેરનો ફૂલ ડોઝ અપાય છતાં તેને કોઈ અસર ન થાય ત્યારે તે પ્રાણીનું લોહી કાઢી લેવામાં આવે છે. આ લોહીમાં રહેલા ઝેર વિરોધી તત્વોને સેપરેટ કરીને તેને પાવડર સ્વરૂપ(ક્રિસ્ટલ)માં બદલી નખાય છે. આ પાવડર જ ઈન્જેક્શન સ્વરૂપે સર્પદંશના કિસ્સાઓમાં દવા તરીકે વપરાય ત્યારે માનવ શરીર જે એન્ટી-બોડીઝ તરત ન બનાવી શકે તે એન્ટી-બોડીઝ એન્ટી સ્નેક વિનીનના સ્વરૂપમાં ઝેરની સામે ભીષણ યુદ્ધ ખેલીને માનવનું જીવન બચાવે છે.

હેન્ડબ્રેક :
"સર્પ બચાવનારને સર્પદંશ થાય તો તે
બહાદુરીની નહીં, શરમની વાત ગણાય."

- ધ.ત્રિ
મો. ૯૯૭૮૪૦૫૯૬૭
djtrivedi@gmail.com